

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

રોબોટ થઈને રહે, એ જ દેશપ્રેમી છે,
ને કરે એન્કાઉંટર, એ જ દેશપ્રેમી છે,
દેશદ્રોહી થઈ જશે, રિઝર્વ બેન્ક દેશપ્રેમી છે...
પૂંછ થી કરે હા જી હા, એ જ દેશપ્રેમી છે...
(મતભેદ શરૂ?!)

હાઈકુ

ના-તાલ મેલ,
ચઢાવ્યા ક્રોસ પર,
વિચાર્યા વિના...
(નોટબંધી-ઉતાવળ)

મુબારક હો!
ખ્રિસ્તી ભાઈ-બ્હેનોને -
નાતાલ પર્વ...
(હેપ્પી ક્રિસમસ)

### ચિંતન

ઊંચે કુલ કહ જનમિયા, કરની ઊંચ ન હોય,
કનક કલશ મદ સો ભરા, સાધુ નિન્દા સોય.

ઉપરોક્ત ચોપાઈ કબીરવાણીમાંથી લેવામાં આવેલ છે.

મહાભારતમાં કર્ણ કહે છે, 'દેવાયત કુલે જન્મ મદાયત્તમ તું પૌરુષમ્:' કયા કુળમાં જન્મ લેવો એ ભલે દેવના હાથમાં હોય પણ પરાક્રમ કરવાનું સામર્થ્ય મારા હાથમાં છે. ઊંચા કુળમાં જન્મ લેવાથી મહાનતા પ્રાપ્ત થતી નથી. ગુણ અને કર્મથી પણ ઊચ્ચ થવું જરૂરી છે. કબીર ઉપમાની રીતે કહે છે કે, સુવર્ણનો કુંભ મદિરા ભર્યો હોય તો પણ સજ્જનો એનાથી આકર્ષાઈ તેની પ્રશંસા કરતાં નથી. સારાસારનું ભાન ન હોય તે મનને આનંદ આપવાના હેતુથી શરાબનું સેવન કરે છે. સમાજમાં બંધનો ઢીલાં થતાં જાય છે. એવા સમયમાં સભાનપણે યોગ્ય વર્તન કરવાની વ્યક્તિની જવાબદારી છે.

આ ફરજ ચૂકીએ છીએ તેમાંથી કહેલ નીપજે છે.

### સુવિચાર

- મારા જીવનનો આશય સમાધાન નથી, સત્ય છે - **જ્હોન રસ્કિન**
- જયારે ગુનેગાર છૂટી જાય છે ત્યારે ન્યાયાધીશ ગુનેગાર બની જાય છે - **લેટિન કહેવત**
- વેરમાં અને પ્રેમમાં, સ્ત્રીઓ પુરુષો કરતાં વધારે બર્બર હોય છે - **નિત્સે**
- કટ્ટર માણસનું મગજ આંખની કીકી જેવું હોય છે,
  જેટલો વધારે પ્રકાશ ફેંકશો એટલું વધારે એ સંકોચાશે - **સંત ઓલિવર**
- કોઈ પણ સરકારનો સૌથી મજબૂત સ્તંભ ન્યાયી પ્રશાસન છે - **જ્યોર્જ વોશિંગ્ટન**
- દૂરથી આવેલો હિંમતથી જુદું બોલી શકે છે - **ફ્રેંચ કહેવત**
- જરૂર છે એવી વસ્તુઓ વિના રહેવું એ પણ સુખનો જ એક ભાગ છે - **જનકલ્યાણ**
- આજનું ઔષધ : ખાખરાના પાન બાળી ભસ્મ એક ચમચી મધ સાથે એક અઠવાડિયા સુધી લેવાથી ઉનવામાં ફાયદો થાય છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

વૈરભાવથી વેર વધે છે. ક્ષમાભાવથી પ્રેમ-મૈત્રી મળે છે. સંત-સજ્જનો સ્વભાવ 'ક્ષમા' આપવા અને માફી માગવાનો છે. તેનાથી નાના નથી થઈ જવાતું ઉલ્ટું મોટાઈ મળે છે.

રોમનો સમ્રાટ સીઝર ઓગસ્ટસ પડોશી રાજા સીના સાથે દુશ્મની હતી. અવારનવાર લડાઈ થતી અને સૈનિકોની ખૂવારી પણ થતી. એક મોટા હુમલામાં સીઝરે, સીનાને હરાવ્યો અને કેદ કર્યો. સીના જેલમાં બેઠે પણ સીઝરની વિરૂદ્ધ ગમે તેમ બોલતો હતો. સીઝરે એકદા એની પત્નીએ કહ્યું, સીના છે બહાદુર અને બુદ્ધિમાન પણ અભિમાનને કારણે શરણે થતો નથી - એને માટે કોઈ ઉપાય ખરો?!

પત્ની કહે - એને માફ કરી મુક્ત કરી દ્યો... સીઝરે પત્નીને વાત પણ ત્રણ દિવસ વિચાર કર્યો પછી જેલમાં સીનાને મળવા ગયો. કહ્યું ભાઈ! તારા જેવા બહાદરુ અને બુદ્ધિમાન રાજાને જેલમાં પૂરી રાખવામાં મને સંકોચ અને દુ:ખ થાય છે - હું તારી માફી માગું છું અને તને મુક્ત કરું છું.

સીના તરત સીઝરને પગે પડ્યો અને માફી માગી, તારા જેવા મિત્રને છોડી હવે હું કયાં જાઉં? હું સદાય મિત્ર બની તારી સાથે જ રહીશ. - અને અદ્ભૂત મૈત્રીની શરૂઆત થઈ.

# નાતાલ - પ્રેમ પર્વ

નાતાલ એટલે વિશ્વવ્યાપી દીપાવલી. હવે એ માત્ર ઈસુપંથીઓનો તહેવાર નથી રહ્યો. આખી દુનિયાએ ખ્રિસ્તી ગ્રેગરિયન કેલેન્ડર અપનાવ્યુ છે અને વર્ષાન્તે લેખે આખું વિશ્વ એક યા બીજા સ્વરૂપે નાતાલની ભવ્ય ઉજવણી કરતું રહે છે. મૂળે તો એ પવિત્ર આત્માનો જન્મદિવસ છે. ઈસુના જન્મની એંધાણી મલથાં ઢોરોની ગભાણમાં જન્મેલાં એ બાળકને શોધતાં શોધતાં સિદ્ધ પુરુષો બેથલેહેમ પહોંચ્યા. વિશ્વના તારણહાર ઈશ્વરપુત્રનું અવતરણ થયું એથી વધુ શુભમંગલ ઘટના બીજી કઈ હોઈ શકે? પરંતુ પૃથ્વીનાં પાપ પોતાના શિરે લઈ માનવજાતને ત્યાગ, સમર્પણ અને તિતિક્ષાનું એકમેવ - અદ્વિતીય દૃષ્ટાંત પૂરું પાડનાર ઈસુને એના સમકાલીનો જ પૂરો ન સમજી શક્યા. ઈશ્વરપુત્રે આખી દુનિયાનાં પાપ ધોઈ જાતે જ પોતાનો વધસ્તંભ ઊંચકી, ખીલા ઠોકાવેલી લોહીઝાણ હાલતમાં પ્રાણ છોડવા પડ્યા. વિશ્વવિભૂતિઓની આ જ નિયતિ રહી છે - એ રામ હોય, કૃષ્ણ હોય, બુદ્ધ હોય કે પયંગબર હોય. પરંતુ એમના મૃત્યુ પછી એમને દુનિયાએ પ્રેમથી પૂજ્યા છે. ઈસુના નામે ચાલતો ખ્રિસ્તી ધર્મ વિશ્વના ખૂણે ખૂણે ફેલાઈ ગયો છે. પરંતુ ઈસુના નામે ચાલતો ખ્રિસ્તી ધર્મ વિશ્વના ખૂણે ખૂણે ફેલાઈ ગયો છે. પરંતુ ઈસુના નામે થતી સેવાકીય પ્રવૃત્તિઓની સાથે જ એમના જન્મદિવસની ઉજવણી સાથે માનવીને પોતાની હીન વૃત્તિઓ પોશષ આનંદપ્રમોદને સાંકળવા ધૃષ્ટતા પણ કરી છે. નવા વરસની ઉજવણી આનંદ સાથે થાય એ તો કોને ન ગમે ? પણ એ જ દિવસોમાં દારૂ અને નશીલા દ્રવ્યોની રેલમછેલ અને દુષ્કર્મોની પરંપરા પણ સરજાતી હોય રહે છે. સરકાર માટે આ દિવસો માથાના દુખાવા સમાન બની રહેતા હોય છે. છાકટા થયેલા નબીરાઓ બેફામ ડ્રાઈવિંગ કરીને અકસ્માતો સર્જતા રહે છે.

દારૂબંધીનો કાયદો પણ આ દિવસોમાં ફક્ત કાગળ પર જ રહી જતો હોય એવો માહોલ સરજાય છે. વર્તમાન રૂપાણી સરકારે ગુજરાતના દારૂબંધીના કાનૂનનાં છીંડાં પૂરવાનો સંકલ્પ કર્યા પછી તત્કાળ વડોદરામાં જાણીતા ઉદ્યોગપતિઓની મહેફિલ પર રેડ પાડીને દાખલો બેસાડ્યો છે. પકડાયેલા તમામ લોકો ભદ્ર સમાજના સર્વોચ્ચ તબક્કાના સભ્યો છે. હવે એમની સાથે વહીવટીતંત્ર કેવી કડકાઈથી પેશ આવે છે તે જોવાનું રહેશે. પ્રજાના નીચલા થરના લોકો માટે દારૂ એ કદાચ ગમ ભૂલવા માટેનું હાથવગું પરંપરાગત ઔષધ હશે, પણ આ પરમિટ ધારક ભદ્રજનો માટે તો એ આનંદપ્રમોદનું માદક પીણું જ છે. બનવાજોગ કે અદાલતોમાં પણ આ જ મુદ્દે એમને રાહત મળી જાય. પરંતુ પ્રતિષ્ઠાનો સવાલ ફક્ત કાનૂનભંગ કરનારા ભદ્રલોક પૂરતો નથી; હવે એ સંનિષ્ઠ પોલીસ અધિકારી હસમુખ પટેલ

**તંત્રીસ્થાનેથી...**

અને ખુદ રૂપાણી સરકાર માટેનો પ્રતિષ્ઠાનો સવાલ બની રહેશે. આવી ઘટના નાતાલના આગલા દિવસે જ પ્રકાશમાં આવી છે, તે સૂચક છે. એક તરફ ગાંધીના નામ પર અને ગરીબોના હિતમાં સરકાર આવા કલ્યાણલક્ષી કાયદા કરે છે, બીજી તરફ સમાજના મુઠ્ઠીભર માલેતુજારો એનો છડેચોક ભંગ કરે છે. પોલીસ ભીનું સંકેલી લે એ માટે એને કલ્પી પણ ન શકાય એવડી મોટી રકમની રૂશ્વત આપવાની પેરવી થઈ હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. આવા સંજોગોમાં પણ પોલીસે મચક આપ્યા વગર મોથાં માથાંને પોલીસવાનમાં બેસાડી વડોદરાની સરકારી હોસ્પિટલમાં બ્લડ ટેસ્ટ માટે લાઈનબંધ ઊભાં રાખ્યાં, તો ખરેખર ગુજરાત પોલીસની કેપમાં લાંબા સમય લગી ફરફરતું છોગું બની રહેશે. નાતાલ જેવા પવિત્ર પ્રસંગે અને નવા વર્ષની શરુઆતમાં ગુજરાત એને ગુજરાત બહાર આવી અનેક પાર્ટીઓ યોજાવાની છે, તે વિશે કોઈ શંકા ખરી? પરંતુ વડોદરા પોલીસની જેમ આવા વગદાર ગુનેગારોને જેર કરવાની હિંમત કેટલા બતાવી શકશે? સવિશેષ દિલ્હી, મુંબઈ અને કોલકાત્તા-ચેન્નાઈ કે બેંગ્લોર જેવાં મહાનગરોમાં તો દારૂની છોળો જ ઊડવાની છે.

બિહાર જેવાં જે રાજયો દારૂબંધી અમલમાં મૂકી છે, ત્યાં પણ નાતાલ અને નવા વરસ પૂરતાં તો આંખમિચામણા થતાં જ રહેવાનાં, એવી દહેશત અસ્થાને નથી.

# પશ્ચિમઘાટનું દુર્લભ જૈવવૈવિધ્ય



## વનસૃષ્ટિનો પરિચય

હેમંત સુથાર

પશ્ચિમ ઘાટ વિશ્વકક્ષાએ જૈવવૈવિધ્ય બાબતે અને ખાસ કરીને એન્ડેમીઝમના કારણે અદ્વિતીય છે. ભારતીય વન્યજીવ સંસ્થા દ્વારા દેશના વિસ્તારોને ૧૦ પ્રકારના જૈવ ભૌગોલિક ભાગોમાં વર્ગીકૃત કરવામાં આવેલ છે. તેમાં પશ્ચિમઘાટ એક છે. પશ્ચિમઘાટ દેશના કુલ ભૌગોલિક વિસ્તારનો ૪ ટકા ભાગ ધરાવે છે. પશ્ચિમ ઘાટ ૧,૨૯,૦૩૯ ચોરસ કિલોમીટર ભૌગોલિક વિસ્તાર ધરાવે છે તે પૈકી ૪૯૦૦૦ ચોરસ કિલોમીટર વિસ્તારમાં કુદરતી વનો છે.

આપણા દેશના પશ્ચિમઘાટ ભાગમાં આવેલા વનોના પ્રકાર જોઈએ તો પશ્ચિમ ઘાટના ઉત્તર ભાગમાં માલાબાર દરિયાકાંઠાના ભેજવાળા વનો, ઉત્તર પશ્ચિમ ઘાટના પવર્તીય વરસાદી વનો અને દક્ષિણ પશ્ચિમઘાટના ભેજવાળા પાનખરના વનો મુખ્ય કહી શકાય. જયારે દખ્ખણ પ્રદેશના કાંટાળા-ઝાડીવાળા વનો, દક્ષિણ કે દખ્ખણ પ્રદેશ સુકા પાનખરના વનો જોવા મળે છે. આ પ્રકારના વનોમાં ભેજવાળા સહા હરિત, સૂકા હરિત, ભેજવાળા પાનખર અને સૂકા પાનખર પ્રકારની વનસ્પતિઓ જોવા મળે છે.



દેશમાં જોવા મળતી ૪૫૦૦૦ જેટલી વનસ્પતિની જાતિઓ પૈકી ૬૫૦ વૃક્ષોની જાત અહિંયા પશ્ચિમ ઘાટ વિસ્તારમાં જોવા મળે છે. તે પૈકી ૩૫૨ (૫૪ ટકા) જેટલી જાતો સ્થાનિક (એન્ડેમીક) છે. પશ્ચિમ ઘાટ વિસ્તારમાં ૭૪૦૨ પ્રકારની સપુષ્પી વનસ્પતિ છે. તે પૈકી ૫૬ જાતના (Genera) ૨૩૦૦ (૩૧ ટકા) જાતિઓ એન્ડેમીક છે. પશ્ચિમ ઘાટ ભાગમાં ૧૮૧૪ જેટલી અપુષ્પી જાતો છે. એન્ડેમીક એટલે વિશ્વના ફક્ત એક જ ભાગ/વિસ્તારમાં જોવા મળતાં જીવો.

પ્રાણી સૃષ્ટિની વાત કરીએ તો ૧૩૯ જાતના સસ્તનો, ૫૮૦ જાતના પક્ષીઓ છે. પક્ષીઓમાં પ્રવાસી પક્ષીઓનો સમાવેશ કરીએ તો ૬૦૦ જાતના પક્ષીઓ અહીંયા જોવા મળે છે. ઉભયજીવીઓની અહિંયા જોવા મળતી ૧૭૯ જાતના જીવો પૈકી ૧૩૦ (૭૪%) જેટલા એન્ડેમીક છે તે ગૌરવપ્રદ વાત છે. ૨૯૦ જાતની તાજા-મીઠા પાણીની માછલીઓ છે તે પૈકી ૫૧ જીનેરાની ૧૧૬ જેટલી જાતો છે જે ૫૩ ટકા જેવી થવા જાય છે તે એન્ડેમીક છે. આ વિસ્તારમાં ૬૦૦૦ જાતના કીટકો છે. તે પૈકી ૫ કુળના ૧૬૬ જીનેરાના ૩૩૦ જાતના પતંગિયાઓ પૈકી ૩૭ (૧૧ ટકા) એન્ડેમીક છે. ૧૫૬ જાતના સરિસૃપો પૈકી ૧ જાતિનો મગર જોવા મળે છે. જયારે અહિંયા સાપનું વૈવિધ્ય વધુ જોવા મળે છે. જે પૈકી મોટાભાગના એન્ડેમિક છે.

એશિયાઈ હાથી, ગૌર અને વાઘ જેવી મહત્ત્વની મુખ્ય પ્રાણીઓની જાતિની એકમાત્ર વધુમાં વધુ વસતી ધરાવતા આ વિશ્વના ખાસ વિસ્તારો છે. લાયન ટેઈલ મેકોક (સિંહપૂચ્છ માંકડું), નીલગીરી તહાર (જંગલી બકરી અને નીલગીરી લંગુર (વાંદરા) અહીંના અનન્ય જીવો છે.

દુ:ખદ વાત તો એ છે કે વિશ્વના સૌથી વધુ ઉષ્મિત સ્થાનો (Hottest hotspots) માં પશ્ચિમ ઘાટનો સમાવેશ થાય છે. આઈયુસીએન સંસ્થા દ્વારા જાહેર કરવામાં આવેલી ભયગ્રસ્ત જીવોની રેડ ડેટા લિસ્ટ (યાદીમાં) વિશ્વકક્ષાએ ભયજનક છે તેવી ૩૨૫ જેટલી વનસ્પતિ અને પ્રાણીઓની જાતિની યાદીમાં અહીંયાના જીવો સામેલ કરાયેલ છે. તે પૈકી ૧૨૯ વનરેબલ, ૧૪૫ એન્ડેર્જર્ડ (ભયજનક), અને ૫૧ ક્રિટીકલી એન્ડેર્જર્ડ છે. તેમાં ૨૨૯ વનસ્પતિની, ૩૧ સસ્તનો, ૧૫૫ પક્ષીઓ, ૪૩ ઉભયજીવીઓ, ૫ સરિસૃપો અને ૧ માછલીની જાતિનો સમાવેશ થાય છે.

આપણે કુદરતે આપેલી અનુપમ ભેટની જાણવણી આપણે કરી શકીશું કે નહિ ?

# શું તમે ૫૦ વર્ષ ઉપરના છો ? તો આ વાંચો



## મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

● નવી પરિસ્થિતિને સ્વીકારી એની સાથે સહમતી સાધી રહેતા શીખવું જેથી ભાવિ સંઘર્ષ ટાળી શકાય.

● જો પોતાનું સ્થાયી ઘર હોય તો ત્યાં જ રહેવું. પુત્ર કે પુત્રીના ઘરમાં સાથે રહેવાથી કયારેક કંઈક સાંભળવું પડે છે. દુ:ખી થવું પડે છે. પણ પોતાના ઘરમાં રહેવાથી સ્વતંત્રતાનો આનંદ મળી શકે છે.

● સરકારી નોકરી કે ધંધામાંથી જે મૂડી - ભૌતિક સંપત્તિ તમારી છે તે તમારી પાસે જ રાખો. દીકરી કે દીકરાને આપવાની લાગણી ઉપર સંયમ રાખો. કેમ કે આ ધન-સંપત્તિ પાછલી ઉંમરે તમને સહાયરૂપ બનશે.

● તમારા સંતાનોએ તમને આપેલા વચન 'વૃદ્ધાવસ્થામાં તમારી સેવા કરીશ' ઉપર પૂર્ણ ભરોસો ના રાખો કેમ કે લગ્ન પછી કે સમય જતાં સંતાનોની પ્રાથમિકતા બદલી જતી હોય છે. એમનો સ્વાર્થ પૂરો થતાં માતા-પિતા કરતા અન્ય સંબંધો વધુ મહત્ત્વના બની જતા હોય છે. તેથી એ સેવા કરશે એવી શ્રદ્ધા રાખવા વિના સ્વયં સ્વસ્થ રીતે જીવતા શીખી લેવું જોઈએ.

● મિત્રો સાથેનો સંઘર્ષ ટાળીને એવા મિત્રો બનાવવા જોઈએ કે જેઓ તમારું જીવન ખુશ હોય તેવું ઈચ્છે. તમારી પ્રત્યે થોડી મમત ધરાવતા હોય.

● હવે આ ઉંમરે કોઈની સાથે પોતાની તુલના ના કરવી. તુલના કરવાની ઉંમર જતી રહી છે. કોઈના પ્રત્યેની અપેક્ષાઓના રાખવી. કેમ કે સમય બદલાયો છે. અપેક્ષાઓ તૂટે પણ ખરી.

● પોતાની વૃદ્ધાવસ્થાને આધાર બની કોઈની સેવા લેવાનો કે કોઈનું સન્માન પામવાનો પ્રયાસ ન કરવો જોઈએ કેમ કે આમ થવાથી એકંદરે દુ:ખી થવું પડે છે. એના કરતાં ખુમારીથી સ્વસ્થ રીતે સંબંધો જાળવી રહેવું જોઈએ.

● બધા જ લોકોની વાત ધ્યાનથી સાંભળવી - સમજવી જોઈએ. પછી ભલે નિર્ણય પોતાના વિચારો મુજબ લઈએ. પણ આપણે વિચારીએ એ જ સાચું એવું માની કોઈને સાંભળવા જ નહીં. એવો સ્વભાવ ખુબ દુ:ખી કરે છે. તેથી સર્વને સાંભળવો - સમજો સાચું લાગે તે સ્વીકારો.

● ૫૦ની ઉંમર પછી ઈશ્વરમાં ય શ્રદ્ધા વધશે. ઉંમરને કારણે બધા પાસે વિનંતી કરવાનું મન થશે. પણ એ વિનંતીમાં વિનંતીનો સૂર રાખવો. દયાનો નહિ. કોઈની પાસે દયા - યાચના ના કરવી. ખુદ ઈશ્વર પાસે પણ નહીં. એમ કરવાથી તમારી પોતાની આત્મશક્તિ ઘટશે. ઈશ્વર પાસે માત્ર માફી માંગો અથવા હિંમત. આ બે ભાવ તમને નવી ઊર્જા આપશે.

● ૫૦ વર્ષ પછી કોઈ પણ વ્યક્તિ સાથેનો સંઘર્ષ ટાળો. જેના કારણે માનસિક તાણ વિના જીવી શકાશે. આ ઉંમરનો સંઘર્ષ તમારી ઘણી બધી ઉર્જાનો નાશ કરે છે જેને કારણે ઘણા શારીરિક ને માનસિક પ્રશ્નો ઊભા થાય છે.

● જીવનમાં કશું જ સ્થાયી નથી. સુખ પણ નહી, દુ:ખ પણ નહીં. ચિંતા પણ નહિં શાંતિ પણ નહીં. આ વાતને સ્વીકારી સમજી વિશ્વાસ કરશો તો ચિંતા તમને હરાવી શકશે નહીં.

● જો તમે નોકરી કશો છો તો નોકરીમાંથી નિવૃત્ત થાવ એ પહેલાં બધી જ સામાજિક, પારિવારિક જવાબદારીઓ પૂરી કરી દેવી જોઈએ. જેથી નિવૃત્તિ પછીની જિંદગી કોઈ પણ જાતની જવાબદારીની ચિંતા વિના શાંતિથી જીવી શકાય. મુક્ત મને જીવનસાથી સાથે હરી-ભરી શકાય. પ્રત્યેક સપ્તાહે બાગ-બગીચે, સિનેમા કે સગા સંબંધીને ઘેર હળવા-મળવા જઈ શકાય.

● સંતાનોની અન્ય સગાસંબંધીઓની કયારેય ટીકાઓ ન કરો. નકારાત્મક વિચારો તમારી ઉર્જાને નષ્ટ કરે છે.

● વાર-તહેવારે ઘરના તમામ સભ્યોની પ્રશંસા કરો. બાળકોને એમની સ્કૂલ-કૉલેજની પ્રવૃત્તિઓમાં પ્રોત્સાહન આપો. ભૂલો પણ પ્રેમથી બતાવી પ્રોત્સાહિત કરવાથી બાળકો તમારા પ્રત્યે નકારાત્મક વિચારો નહીં કરે. ઘરના નાના બાળકો સાથે સમય પસાર કરવો જોઈએ.

● એન્ડ્રોઈડ મોબાઈલ, ટેબલેટ, કોમ્પ્યુટર, ફેસબુક, વોટ્સએપ, ટ્વિટર-ગૂગલ - આ બધું ઘરના બાળકો કે યુવાનો સાથે બેસીને શીખો. નાના પાસે શીખવામાં નાનપ ના અનુભવો. આજની અને આવતી પેઢી સાથે સાયુજ્ય સાધવામાં આ બધા ઉપકરણોનું જ્ઞાન ખૂબ ઉપયોગી બની રહેશે.


● ઘરના તમામ સ્ત્રી સભ્યોને વારંવાર સન્માન આપો. વાર-તહેવારો-પ્રસંગે પત્ની કે દીકરાની પત્નીને કે દીકરીને નાની મોટી ભેટ-સોગાદ આપો. જેનાથી પરિવારમાં સ્ત્રી સન્માનની ભાવના પ્રસરશે.

● ૫૦ વર્ષે સદાય યુવાન રહો. જીવનના છેલ્લા વર્ષો પણ અનન્યને ઉપયોગી થાય એ રીતે જીવો. મૃત્યુ પછી શું થશે તેની ચિંતા કર્યા વિના આજે શું થશે ? એની ચિંતા કરી 'આજની ઘડીને રળિયામણી' બનાવો.

● સારા પુસ્તકો વાંચવાની ટેવ રાખો. મંદિર જવાને બદલે લાઈબ્રેરીમાં જઈ સારા મેગેઝીનો - પુસ્તકો વાંચવાથી જ્ઞાન અને સમજ વધશે. જે સારું જીવન જીવવામાં ઉપયોગી બનશે.

- 9426060601.India@gmail.com

# નામ મેં કયા (કુછ હટકે) રખ્ખા હૈ ?



## રઝળપાટ

અજય ઉપાધ્યાય

'રચિત' કેવું સરસ મજાનું નામ છે... પણ બચાડો રચિત આખી જિંદગી ઓળખાતો રહ્યો હોય 'રચુ' કે પછી 'રચિત્યા' ના નામે...!!! ફૈબા એ ઓળી ઝોળી પીપળ પાન કરીને સુરીલું નામ પાડ્યું 'સ્વરા' પણ સુરતાલની રાહ જોતી બચાડી 'સ્વરા' હર બીજી મીનીટે ' ઓય, સ્વરુ... ઓય સ્વરુ' ના બેસુરા પોકાર જીલતી હોય...!!! ઠીક છે રચિત રચુ સુધી કે સ્વરા સ્વરુ સુધી કૈક અંશે ઓરીઝીનલની આજુબાજુના નામથી ઓળખાતા હોય ત્યાં સુધી તો નો પોબલેમ, બાકી આપણે ત્યાં તો પપ્પુ, ચિન્ટુ, બકુ, દકું, ચીકુ, સ્વીટી, રોકી, પ્રિન્સ, ભૂરો, ભૂરી. પરી, હકુડો. ભોલુ, ચકુડી......ઓર નાં જાને ક્યાં ક્યાં આવા ઓરીઝીનલ નામને ક્યાય દુરદુર સુધી ટચ પણ ના કરતા હોય એવા નામોથી અનેકો પોતાની જિંદગી પસાર કરતા હોય છે.

મહાન અંગ્રેજી લેખક વિલિયમભાઈ શેક્સપીયરભાઈએ એમના અમર નાટક રોમિયો જુલિયટમાં જુલિયટબેને એક અમર ડાયલોગ ફટકારેલો...'વ્હોટસ ઈન એ નેઈમ?' યાની કી નામ મેં ક્યાં રખ્ખા હૈ? મતલબ કે 'નામ માં શું રાખ્યું છે?'...વિલિયમભાઈ તો આપણી વચ્ચે નથી રહ્યા પણ એમના આ અમર ડાયલોગનો હવાલો આપી કે લઈ ને નામના વિવાદો હમેશા ચાલતા રહ્યા છે અને એમાં લેટેસ્ટ છે સુ.શ્રી કરિનાબેન અને સૈફ્ભાઈના તાજા જન્મેલા છોરાના નામનો ડખ્ખો....!!! તૈમુર અલી ખાન પટૌંડી...!!! લોકશાહી દેશમાં પોતાને ગમતા નામ રાખવાનો હરેક ને અધિકાર છે અને લોકો એ પ્રમાણે પોતાને ગમતા નામ રાખતા પણ હોય છે અને ખાસ કરીને સેલેબ્સ ને શું છે કે જરા હટકે નામો રાખવાનો ધખારો બીજાથી વધુ હોય છે. વી ધ કોમન પીપલ તો શું છે કે હજુયે હજારમાં ત્રીસેક કોમન નામ નીકળે એવા નામો રાખીએ છીએ પણ સેલેબ્સ બીજાથી અલગ અને કશુક નવું કરવાના ધખારામાં અઘરા અઘરા કે પછી આવા વિવાદિત નામો રાખીને હરખાતા હોય છે.

પણ આ 'હટકે' નામકરણ કરવામાં એક મોટો લોચો એ થાય છે કે એ નામના ઘણા બધા અર્થો નીકળતા હોય છે અને લોકો આવા અર્થો શોધવાની ડીક્ષનરી હાથવગી જ રાખતા હોય છે અને એમાયે આ તો સેલેબ્સ, એટલે ગામચર્ચા વધુ ચાલતી હોય છે બાકી ગુજરાતમાં જ કેટલાયે ધીરુભાઈ, મુકેશ, અક્ષય, રતન કે શાહરૂખ અને ઈવન નરેન્દ્ર પણ આંટા મારતા હશે...! નામ મેં ક્યાં રખ્ખા હૈ એના દાખલા ક્યાં શોધવા જવા પડે એમ હોય જ છે, આજુબાજુ જ નજર મારી લેજો ને... નામ મનસુખ હશે પણ બની શકે કે માનસિક રોગી હોય અને તનસુખ નામવાળો બિચારો ક્યારેય સાજો ના રહેતો હોય...! બની શકે કે નામ શ્યામા હોય પણ નીકળે રૂપાળી અને કોકિલા કર્કશ પણ નીકળે. અકબર ક્યાંક સાયકલના પંચર બનાવતો હોય અને પ્રતાપ ક્યાંક લોટ દળવાની ઘંટી ચલાવતો હોય એવું પણ બને. જ્ઞાની જનો કહી ગયા છે ને કે કર્મ કરો એવા બનશો મતલબ કે નામ રાખવાથી એવા સદગુણો કે કર્મો કરશો જ એવી ક્યાં કોઈ ગેરંટી છે જગત ની માલીપા..! છતાયે શું છે કે સારું નામ રાખવાનો ક્રેઝ યથાવત છે પછી ભલે ને સંતાન મોટું થઈને નામ ના અર્થ થી વિપરીત બને એનો વાંધો નહિ પણ નામ ટીપટોપ અને લેટેસ્ટ હોવું જરૂરી છે, એમાયે સેલેબ્સના નામ હમેશા ચર્ચામાં રહેતા જ હોય છે..!

તાજ્જેતાજ્જા જન્મેલા તૈમુરભાઈ નો જ દાખલો લઈ લ્યોને, કરીના અને સૈફે શું વિચારીને આવું (બીજાની દ્રષ્ટીએ) વિવાદિત નામ પસંદ કર્યું એની કોઈ ઓફીશીયલ ચોખવટ તો કરી નથી પણ હકીકત એ છે કે એ પહેલા જ તૈમુર નામના જ અનેકો અર્થ ઓલરેડી માર્કેટમાં આવી ચુક્યા છે. તૈમુર લંગ કરીને ક્રૂર શાસક થઈ ગયો ઈતિહાશના પન્નો પર, શક નહિ પણ આમ તો ઈતિહાસમાં એની નોંધ ચોર અને લુટારા તરીકે વધુ છે આ તૈમુર કે જે અત્યંત ક્રૂર અને લોકોની કત્લેઆમ કરવા માટે – ખાસ કરીને હિન્દુઓની અને બીજા અર્થોમાં એક અર્થ લોખંડ પણ થાય છે તો અરબી ભાષામાં એનો એક અર્થ સિંહ પણ થાય છે. જેને જે ગમે એ અર્થ લઈને અત્યારે તો દે ધનાધન ચાલી રહ્યું છે. એમ તો શાહરૂખના લેટેસ્ટ છોરાનું નામ અબરામ છે જ ને, અને મજાની વાત એ છે કે આગળ લખ્યું એમ શાહરૂખે ખુદે એનો અર્થવિસ્તાર પણ કરેલો કે અબરામ એ હજરત ઈબ્રાહીમનો જ્યુડિશ અર્થ છે અને અને આ નામમાં રામનું નામ પણ આવી જાય છે, એ વાત અલગ છે કે આ નામ પર હજુ સુધી કોઈ વિરોધનો વંટોળ નથી ઉઠ્યો.

બોલીવુડ સેલેબ્સમાં આવા હટકે નામ ઈન્થીંગ છે જ. એશની બેબી આરાધ્યા યાની કી પૂજનીય, તો મિસ યુનિવર્સ લારા દત્તા અને ટેનિસ સ્ટાર મહેશ ભૂપતિની બેબીનું નામ છે સાયરા મતલબ કી ખુશી. ટ્વિન્કલ અને અક્ષય ની બેબીનું નામ પણ હટકે શ્રેણીમાં જ આવે છે, નામ છે નીતારા યાની કી ઊંડા મૂળ કે જડ. મુસ્લિમ ફરહાન અખ્તરે એના છોરાનું હિંદુ નામ રાખ્યું છે 'અકીરા' મતલબ કે બુદ્ધિમાન !! આમીરની બેટીનું નામ છે ઈરા અર્થાત સતર્ક, આ એક હિબ્રુ નામ છે તો રીતેશ દેશમુખના છોરાનું નામ છે 'રીહાન' મતલબ નાનો રાજા અથવા તો યુવરાજ...! એની વે આ બોલીવુડ નામાવલી તો લાંબી થઈ શકે એમ છે પણ પોઈન્ટ ઈઝ કે સેલેબ્સ આવા હટકે નામના શોખીન હોય છે પણ તૈમુર ના કેસમાં જરા વાતનું વતેસર કે એમ કહી શકાય કે ' કુછ જ્યાદા હો ગયા ' તો અતિશયોક્તિ નથી.

વિલિયમભાઈ ભલે ને કહી ગયા કે નામ માં શું બળ્યું છે? પણ સાવ એવું પણ નથી. જરા આંખ બંધ કરીને વિચારો કે કોઈનું નામ હિટલર કે રાવણ હોય તો પહેલી ઈમ્પ્રેશન તમારા દિમાગમાં શું આવવાની? એવું નથી કે હિટલર ની માતાજી એ એનું નામ હિટલર ની બદલે કોઈ બીજું રાખ્યું હોત તો એ આવા કામધંધા કરત કે નહિ એ તો ખબર નહિ પણ અગેન ત્યાં આગળ લખ્યો એ કર્મ નો સિધ્ધાંત જ કામ કરવાનો હતો છતાં પણ નામ નો એક મહિમા છે, એની એક અસર છે અને એનો એક પ્રભાવ છે એ વાત તો ચોક્કસ છે અને બાય ધ વે હજુ આજે પણ જગતમાં આવા હિટલર જેવા નામો એવોઈડ કરાય જ છે. જર્મની, આઈસર્લેન્ડ અને ડેન્માર્ક જેવા દેશોમાં તો કાયદો છે કે તમે ગમે તેવા નામ ના રાખી શકો, છોકરાઓના છોકરા જેવા અને છોકરીઓના છોકરીઓ જેવા જ નામો રાખવા પડે. ભારતમાં ટોમ, ડીક કે હેરી ની જેમ નામમાં પણ સકારાત્મકતા કે સદગુણ હોવા જરૂરી છે આપણે ગર્વ નો અર્થવાળું નામ રાખીએ છીએ પણ ક્યાય ' ઘમંડી ' અર્થવાળું નામ સાંભળ્યું? ' સુરીલી ' નામ સાંભળ્યું હશે પણ ક્યાય 'બેસૂરી' સાંભળ્યું? નહિ ને..!!! કારણકે નામ એ તમારી મનોસ્થિતિ અને બાળકના આવનારા સમયમાં એની ઓળખાણ નું આધાર કાર્ડ છે એવામાં પહેલેથી અસ્પૃશ્ય અને જેની સાથે હજારો હિન્દુસ્તાનીઓ નો ધ્રુણાભાવ જોડાયેલો છે એવું ' તૈમુર ' નામ રાખીને સૈફીના શું સાબિત કરવા માંગે છે એ તો હવે આ હટકે કપલ જાહેર કરે ત્યારે જ ખબર પડે..!!!

વિસામો :

હોલીવુડ એકટ્રેસ ઉમા થર્મનની બાળકીનું નામ છે : બેબી આર.એ.એ.એફ.ટી.બી. ( રોઝાલીંડ અરુશા અર્કેડલીના એલ્ટાલુને ફ્લોરેન્સ થર્મન – બુસાન)...!